**CRMA J-115/2026**

**ઉના પોલીસ સ્ટે. ગુ. રજી. નં.– ૧૧૧૮૬૦૦૮૨૬૦૯૪/૨૦૨૬ ના કામનાં આરોપીઓ (૧)મયુરભાઈ પરસોતમભાઈ  પરમાર રહે.કુતીયાણા, તા.કુતીયાણા (૨) સુમીતભાઈ પોપટભાઈ હળવદીયા રહે. ઉના તા.ઉના જામીન અરજી લગત**

**:: હુકમ ::**

(૧)   હાલનાં આરોપીઓની જામીન અરજી વંચાણે લીધેલ છે તથા પોલીસ પેપર્સ વંચાણે લીધેલ છે. આરોપીઓ સામે ગુજરાત પ્રોહીબીશન એકટની **કલમ ૬૫(ઈ),૯૮(૨),૯૯,૮૧** મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે. આરોપીઓ તર્ફે તેમના **વિ.વ.શ્રી એલ.જે.સોલંકી** ની મુખ્યત્વે એવી રજુઆત છે કે, આરોપીઓ નિર્દોષ છે. નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે. તપાસમાં  સહકાર આપશે. આરોપીઓને ખોટી રીતે સંડાવી દીધેલ છે. યોગ્ય રકમના જામીન પર મુકત કરવા અરજ છે.

(૨)  વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજી સામે વાંધો લઈને રજુઆત કરેલ છે કે આરોપીઓ આ પ્રકારના અન્ય ગુનાનો ઈતિહાસ ધરાવે છે, ગંભીર પ્રકારનો ગુનો છે, અને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આ પ્રકારની પ્રવૃતિમાં સંડોવાય તેવી શકયતા છે.

(૩)  ઉપરોકત બન્ને પક્ષોની રજુઆત અને કેસના કાગળ વંચાણે લીધા. આ કામે આરોપીઓ સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ મુજબનો ગુનો નોંધાયેલ છે. સદર ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ જોતા કેસ ચલાવવાની સતા અત્રેની કોર્ટને છે. ના. સુપ્રીમકોર્ટના સિધ્ધાંત મુજબ જામીન તે નિયમ, જેલ તે અપવાદ સિધ્ધાંત જોતાં હાલનો કેસ અપવાદરૂપ જણાંતો નથી તથા આ તબકકે આરોપીઓને જેલમાં મુકવાથી તે 'પ્રિ–ટ્રાયલ કન્વીકશન' ગણાશે. જામીન અરજીના નિર્ણય  કરતી વખતે જરૂરી પાસાઓનો અભ્યાસ કરતા તથા ગુનાનો પ્રકાર, સજાનું પ્રમાણ ઘ્યાને લીધેલ છે.તેમજ જામીન અરજી નકકી કરતી સમયે આરોપીઓની ટ્રાયલ દરમ્યાન હાજરી મહત્વની છે. આરોપીઓ વિરૂઘ્ધ આજીવન કે મૃત્યુદંડની સજાને પાત્ર કેસ કે ગુનો નથી,આરોપીઓ કયાય નાશી ભાગી જાય તેમ નથી, ટ્રાયલ સમયે તેની હાજરી મળી રહે તેમ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૦ ની જોગવાઈ અને  વિવેકાધિન સતાનો ઉપયોગ કરવો હાલના તબકકે ન્યાયોચિત જણાય છે. તથા આરોપીઓ પોતાના   બંધારણીય અધિકારોથી વંચિત ન રહી જાય તે પણ અત્રેની કોર્ટે જોવાનુ છે. જેથી ઉપરોકત તમામ પાસા અને હકીકતોને ઘ્યાને લઈ આરોપીઓની જામીન અરજી લગત નીચે મુજબનો ન્યાયનો હેતું જળવાય તેમ હુકમ કરવામાં આવે છે.

**CRMA J-115/2026**

**–:: <u>હુકમ</u> ::–**

હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.આ કામના પ્રત્યેક આરોપીઓને **રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂા. દશ હજાર પુરા)**નાં જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકાં પર નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

**–:: <u>શરતો</u> :–**

(૧) આરોપીએ આવો કે આવા પ્રકારનો ગુનો ભવીષ્યમાં કરવો નહી.
(૨) આરોપીએ ફરીયાદપક્ષનાં કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહી.
(૩) આરોપીએ પોતાનુ હાલનુ સરનામુ, તથા કોન્ટેકટ નંબર અલગ પુરશીશથી જાહેર કરવો.
(૪) આરોપીએ ત.ક.અમલદારને તપાસના કામે સહકાર આપવો.

ઉપરોકત શરત કે શરતોનાં ભંગથી જામીન આપોઆપ રદ થશે જેની આરોપીએ નોંધ લેવી.

આ હુકમ આજરોજ તા. ૧૮/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૮/૦૬/૨૦૨૬
ઉના

**બીજા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, ઉના.**